# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

**સાહિત્યનાં વહેણ હોય છે,**
**સર્જકો એમાં તરવૈયા બની રહે છે.**

**- અજ્ઞાત**

## પાથેય

- રમેશ ઠક્કર

# લખે એ લેખક...

સાહિત્યમાં કોઇ સુપરસ્ટાર નથી હોતું..ના કોઇ મિલેનિયમ મેગાસ્ટાર હોય છે..સર્જક એ યુગપ્રવર્તક જરૂર હોય છે..લોકપ્રિય હોય છે..પરંતું પ્રત્યેક સાહિત્યકાર શકયતાઓથી ભરપુર હોય છે...'તું નાનો હું મોટો 'એવો ખ્યાલ સાહિત્ય જગતમાં તો ખોટો જ હોય છે..!

એક કાવ્યપંકિત લખનાર કવિ કે એકાદ નાનકડી વાર્તા લખનાર લેખક એટલી જ શકયતાઓનો માલિક હોય છે જેટલો કોઇ જાણીતો સર્જક...કેમ કે શબ્દ એ અણુ છે..અને અણુનો જયારે વિસ્ફોટ થાય છે ત્યારે એમાંથી પ્રચંડ ઊર્જાનો પુંજ ફેલાઇ જતો હોય છે. એટલે જ ક્રૌંચવધની કણ જેવડી ઘટનામાંથી વાલિયા નામનો લૂંટારો, વાલ્મિકી નામે યુગપ્રવર્તક કવિ બની જાય છે..લેખક ક્યારેય સાધારણ નથી હોતો..કેમકે પ્રત્યેક સર્જક પાસે પોતાના ઘાવ હોય છે..ખુમારી હોય છે..શબ્દની આગવી મ્હોલાત હોય છે..

જાણીતા હોવું એ કિસ્મત હોઇ શકે..પણ ઘણીવાર કૃતિના કર્તા ગુમનામ હોય તો પણ એનો શબ્દ માણસને સ્પર્શી જાય છે..આપણે ત્યાં પણ રચના અમર હોય પણ રચયિતા કોણ હશે ? એવી પૃચ્છા કરવાનું મન થાય એવી ઘણી કૃતિઓ છે..

કવિતાની જ વાત કરીએ તો..મધ્યકાલીન સાહિત્યમાં અનેક જાણીતા કવિઓ વચ્ચે..'ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે..' એ જાણીતી રચનાના કવિ ભાણદાસ છે ઘણા ઓછાને ખબર હશે..એ સત્તરમી સદીના કવિ છે..'તરણા ઓથે ડુંગર રે..'નો કવિ ધીરો છે..તો બાપુ ગાયકવાડ નામે કવિની 'શાંતિ પમાડે તેને તો સંત કહીએ..' રચના ખુબ જાણીતી છે. ઇતિહાસ આવા અનેક વિલીન તારલાઓથી ભરપુર છે.."હરિ ને ભજતાં હજુ કોઇની લાજ જતાં નથી જાણી રે.." આવી બેહદ લોકપ્રિય રચના ગેમલ નામના કવિ એ ઓગણીસમી સદીની શરૂઆતમાં લખી છે..!

એ પછી પણ ના કાળખંડમાં જોઇએ તો 'મીઠી માથે ભાત..' ના કવિ વિઠ્ઠલરાય આવસત્થી છે.."હદયના શુધ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે..' એ પ્રભુલાલ દ્રિવેદીની રચના છે એવી કેટલાને જાણ હશે ? 'એક જ દે ચિનગારી. ' પ્રાર્થના હરિહર ભટ્ટની છે.."મંદિર તારું વિશ્વ રૂપાળું.." એ જયંતિલાલ આચાર્ય નામના કડી નગરના કવિની રચના છે..!

જાણીતા સર્જકની જાણીતી રચનાઓ ઘણી હાથવગી હોઇ શકે..પણ કોઇ બળકટ રચના આપણને ઝંકૃત કરી જાય અને એના કર્તા ને જાણીએ ત્યારે વિસ્મય થાય એવું પણ બને છે...શબ્દનો રચયિતા લોકપ્રિય હોય કે અજ્ઞાત એ હંમેશાં શબ્દનો શહેનશાહ હોય છે. સાહિત્ય ના આકાશમાં કેવળ સ્ટાર હોય છે..એમાં કોઇ સુપરસ્ટાર કે મેગાસ્ટાર નથી હોતા...!

# "ડૂમો ભરાય એ હદે તળિયે શોધ્યા કરે ખજાના ખુશીના ને તટ પર હાસ્યની છોળો ના જહાજો નીકળે એમપણ બને"....



**એમ પણ બને !**

**પારૂલ અમિત**

હા હું જિંદગી છુંબેધડક પૂછ કોઈ પ્રશ્ન મને

કોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું,પ્રશ્ન પૂછીએ તો ઉત્તર સુધી જવાય. કહેવાય છે કે અમુક પ્રશ્નોના ઉત્તર આપણી આસપાસ જ હોય છે.

માનસિક વિકાસ માટે પ્રશ્ન પૂછવાની સાહજિકતા આવશ્યક છે. એના કુતૂહલને શમાવતો યોગ્ય ઉત્તર ન મળે તો એ મૂંઝાતું રહે.

ઘાયલસાહેબનો શેર પણ કહે છે.

હું સ્વયં ફૂલ છું, હું અત્તર છું
જે કશું છું, હું દોસ્ત, અંદર છું
બેધડક પૂછ કોઈ પ્રશ્ન મને
કોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું

કોઈ પણ પ્રશ્નનો ઉકેલ મહાભારત અને ગીતા વાંચો તો મળી શકે પણ અમુક ઉત્તરો તો મિત્રો જ આપી શકે છે.

ભલે સમસ્યાનો સાચો ઉકેલ ના મળે પણ મિત્રો એવા એવા ઉત્તરો આપશે જે બે ઘડી સમસ્યા ભુલાઈ જવાશે.

જિંદગીમાં નિરાશા લાગે તો મિત્ર ને કરેલો

એક મેસેજ કે કોલ જિંદગી બદલી નાખે છે.

આપણે જિંદગીને લગતા મુંઝવણ ભર્યા પ્રશ્નો મિત્રો સિવાય કોઇને કહી શક્તા નથી.

કારણ જીંદગીને જીવવાની ફિલસૂફી મિત્ર જ સમજાવી જાણે છે.

જીંદગી કેવી રીતે જીવાય એવાં કોઈ પાઠ પાઠ્યપુસ્તકમાં આવતાં નથી.

અનુભવ દ્વારા જીંદગી જીવાતી હશે, પોતાનાં અથવા બીજાના.

સૌ કોઈ શાંતિ પૂર્ણ જીંદગી ઈચ્છે છે.

પણ એની કોઈ થિયરી , કોઈ એક રીત હોય છે?

શાંતિપૂર્ણ જિંદગી એટલે જીવવા માટે કોઈ સમસ્યા આવે જ નહીં એવું. અથવા સમસ્યા આવે ને એવી રીતે જાય કે શાંતિ જળવાય.

પણ શું એવું કોઈ હશે કે એને જીવનમાં કોઈ ખાસ સમસ્યા આવી જ ના હોય.

ઇતિહાસ ગવાહ છે કે યુદ્ધ વિશે જ આપણે ભણતા આવ્યાં છીએ.

એનો મતલબ એ થયો કે શાંતિ માટે યુદ્ધ આવશ્યક છે.

વાત જીંદગીમાં આવતાં સંઘર્ષ વિશે કરીએ અને કોઈ આવીને કહે કે મને જીવન જીવવામાં ખાસ કોઈ સમસ્યા આવતી નથી કે કોઈ વિરોધીઓ પણ નથી તો એ માનવું અશક્ય છે.

બાકી ભગવાન જીવાડે એટલે જીવવું. નિયતિ જો સારું સારું જ જીવનમાં લખે તો દરેક ધર્મના ઈશ્વર શા માટે મુશ્કેલી અને સંઘર્ષ લખાવીને આવે.

નિયતિ તો એમનાં હાથમાં જ હતી ને
પણ મારા મતે તોપ
" મરતા મરતા જીવવું એમાં કાઈ સાર નથી"
સુખ અને દુઃખ સિવાય જીવનનો અણસાર નથી."

જિંદગી માં ઉથલપાથલ થતી હોય તો જ ખરી મજા છે બાકી સપાટ રસ્તા જેવું સીધા સીધાં જવું એના કરતા ઉતાર ચઢાવ , ખાડા ટેકરા માં રોમાંચ વધું હોય છે.

જીવનમાં જેમને કંઇક વિશેષ મેળવવું છે એને જીવનમાં ખૂબ સંઘર્ષ કરવો પડે છે.. એમાં બે મત નથી.

જેનો વિરોધ થાય છે એનો જ સ્વીકાર થાય છે આ સત્ય છે.

બાકી સમસ્યા કોને નથી.. આજકાલ નાની નાની સમસ્યા ને લોકો સ્ટ્રેસ કહે છે.

તો કહેવતો આ સ્ટ્રેસ કોને કોને નથી.

જે વધું ખાય એને વજન ઉતારવા માટે સ્ટ્રેસ, જેને ભોજન નથી મળતું એને ખાવા માટે સ્ટ્રેસ.

જે અમીર છે, જે ગરીબ છે, જે શેઠ છે, જે નોકર છે બધાંને પોત પોતાનો આગવો સ્ટ્રેસ.

આનો મતલબ જિંદગી એવું કહે છે, કે

લડતા રહો જજુમતા રહો.. સમસ્યાને સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથીપ

સ્વીકાર્ય મતલબ પરિસ્થિતિ થી ડરીને નહી પણ લડીને શાંતિ તરફથી પ્રયાણ કરવું એ.

જીંદગી ઉગામે કોઈ તીક્ષ્ણ હથિયાર તો ઢાલ નજીક રાખવી .

આ ઢાલ એટલે ફરી કહીશ કે આપણાં મિત્રો.

અર્જુન હોય કે દુર્યોધન રણભૂમિમાં જવાની હિંમત કૃષ્ણ અને કર્ણ ના કારણે જ આવી હતી.

કારણ બંને જાણતા હતા કે મિત્ર રૂપી ઢાલ હશે તો મહાભારત યુદ્ધ જીતી જવાશે .

બસ આપણે એટલું યાદ રાખવું કે ઈશ્વરે ભેટ આપી છે આપણને આ પ્રુથ્વી પર કોઈના કોઈ પ્રયોજન થી મોકલ્યાં છે તો જીવન માણતા શીખીએ અને સક્ષમ બનીએ આવનારી દરેક ઘટના પ્રત્યે.

આધી, વ્યાધિ અને ઉપાધિ ને સાથે લઈ ચાલતાં શીખી જઈએ એજ જિંદગી.

આવનારી દરેક ઘટનાને આપણે બદલી શકવાના નથી પણ આપણે બુધ્ધિ સ્વભાવ, વિચાર, વર્તન અને લાઇફ સ્ટાઈલ બદલી શકીએ છીએ.

કર્મ ના ફળ મુજબ જ મળે છે જીંદગીમાં સઘળું
બસ આ સિદ્ધાંતને દિલથી અપનાવાય તો સારું.

આપણું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, રોજ ધાર્યા કરતાં નવા નવા પ્રકરણ ખુલતા રહે છે, અને આપણે એજ ચિંતામાં ભવિષ્યની બધી શકિત ગુમાવી બેસીએ છીએ.

ઘણીવાર ભૂતકાળના દુઃખો( જે ખરા અર્થમાં દુઃખ હોતા જ નથી) એ આજના આનંદ ઉપર હાવી થતાં હોય છે, એને રોકવા જરૂરી છે. અને એને રોકતા અટકાવવાનો ઉપાય એટલે હાસ્ય.

એ હાસ્ય એટલે જ સુખ.

જીંદગીની સાચી મજા તો આજને સ્નેહથી માણવામાં છે.

ક્યારેક કોઈ છૂપો ભય અંદર રહેલી ખુશીઓને મારી નાખે છે.

સાચી વાત તો એ છે કે જયારે આપણું ધાર્યું નથી થતું ત્યારે આપણે દુઃખી થઇ જઈયે છીએ. અને ધાર્યું કરવામાં આપણે સુખ ભોગવી શકતા નથી.

ચિંતામાં એટલા ગરકાવ હોઈએ છીએ કે આપણે પ્રેમાળ નથી બની શકતા. આપણે બીજા જેવા બનવા માંગતા હોઈએ છીએ. પણ રાખો બીજા લોકો આપણા જેવા બનવા માંગતા હોય છે. ખરા અર્થમાં સુખ મેળવવું હોય તો બધા કરતાં અલગ બનવું પડશે, સર્જનાત્મક અને ચિંતા મુક્ત.

**મીંડા જેવડી જીંદગી**
**જાણે વહે ધીમે ધીમે**
**ને સંવેદના સરેઆમ લૂંટાય**
**નસીબ ક્યાં હાથમાં ઝલાય**
**લે કર્યું મેચિંગ સમય સાથે**
**પૂર્ણવિરામ થોડી મુકાય.**

# "સાહિત્યકાર, તેનું સાહિત્ય અને ઉજવણી"



**જાત સાથે વાત**

**ધર્મેન્દ્ર ત્રિવેદી**

સાહિત્યના મરમીઓના મોંએ અનેકવાર સાંભળેલી વાત છે. મહારાષ્ટ્ર અને બંગાળમાં સાહિત્યકારોનું માન સન્માન ત્યાંની જનતા દિલથી કરી જાણે છે. ભાષાપ્રીતિ અને ભાષાના મશાલચી જેવા સાહિત્યકારો આમ જુઓ તો પોતાના વાચકોના પ્રેમના ભુખ્યા હોય છે. બહુ જૂજ લેખકો એવા હોય છે જેઓનો ઉદ્દેશ્ય સાહિત્ય સર્જન થકી નાણાઉપાર્જન હોય છે. નાણા ઉપાર્જન માટે લખનારાઓમાંના થોડા એવા હોય છે જેઓ કહી દે છે કે સાહિત્ય અને સર્જન પાછળનો તેમનો ઉદ્દેશ્ય પૈસ કમાવાનો જ છે. આવું સ્પષ્ટ કહેનારા જૂજ લેખકો "અમે તો નિજાનંદ માટે લખીએ છીએ" કહીને માત્ર વાચકોને જ ઈમોશનલ બ્લેકમેઈલ કરીને છેતરતા નથી હોતા. પરંતુ પોતાની જાતને પણ છેતરતા હોય છે. દિગ્ગજ સાહિત્યકારોના એવા કરતુતો જાણવા મળ્યા છે જેઓ મોહમયી નગરીમાં એક જ દિવસે ત્રણથી ચાર કાર્યક્રમ સ્વીકારીને 'કાર્યકર્મમાં હાજરી માટે હું પૈસા લેતો નથી, પરંતુ તમારે મને પ્લેનની ટીકિટના પૈસા આપવા પડશે' એમ કહીને આવવા જવાની ટીકિટના ચાર ગણા પૈસા ગમતા હોવા છતાં ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ, ગમતાંનો કરીએ ગુલાલની વિરૂધ્ધ જઈને પણ ગજવે ઘાલતા હોય છે. ખેર . . . જેવી જેની ફિતરત.

આજે એક નમૂનો લઈએ મરાઠી માનુષોની સાહિત્યપ્રીતિનો. મુંબઈ રેલવે સ્ટેશન બહાર ઉભેલી એક રીક્ષામાં એક મુસાફર બેસે છે. વિસ્તાર મુજબ ભાડુ નક્કી થાય છે, જે તે સ્થળે પહોંચીને ઉતરી રહેલા મુસાફરને રીક્ષા ડ્રાઈવર પુછે છે કે 'અહિં કોને ત્યાં જવાના ?' મુસાફર કહે છે 'પુ.લ. દેશપાંડેને ત્યાં' અને રીક્ષા ડ્રાઈવર તેના પૈસા પાછા આપે છે. કહે છે કે 'અમે તો અમારી માતૃભાષા માટે કશું કરી શકતાં નથી, પણ પુ.લ.નું માન રાખીને મરાઠીનું એ રીતે સન્માન તો કરી શકીએ ને ?' એ જ રીતે મને ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક અને આચાર્ય સ્વ. શ્રી તખ્તસિંહજી પરમાર યાદ આવી જ જાય. જુનાગઢની બહાઉદ્દીન વિનયન કોલેજમાંથી એમની જ્યારે ભાવનગર બદલી થઈ ત્યારે તેમના વિદ્યાર્થીઓએ જુનાગઢ રેલવે સ્ટેશને આક્રંદ કરેલું. અને જૂનાગઢથી ભાવનગર જતી રેલવે પાંચ મિનિટ લેઈટ ઉપડેલી. તમે જો સહેજ પણ જીવંત હો તો જુનાગઢના રેલવે સ્ટેશન પર એ વિદ્યાર્થીઓના તે સમયના ડુસકાનો આભાસ આજે પણ થશે !

આપણે ગુજરાતીઓએ ભાષાને લઈને જેટલી કાગારોળ મચાવી છે એટલું જો આપણે તેનું સન્માન કર્યું હોત તો ગુજરાતી સાચે જ આજે 'ગરવી' હોત. ગુજરાતીને ગરવી કરવા માટે તમારે હો-ગોકીરો કરવાની જરૂર નથી, જરૂર છે કે ગુજરાતી ભાષાના વાહકો એટલે કે સર્જકો, આઈ રીપીટ સર્જકો, લેખકો નહીં, નું સન્માન કરવાનું છે. ફેસબૂક પર હેપ્પી બર્થડે, જન્મ દિવસની વર્ચ્યુઅલ શુભકામનાઓ કરતાં કેમ તમને એ વિચાર નથી આવતો કે ચાલો આપણા ગમતા સર્જકને એક પચાસ પૈસાનું પોસ્ટકાર્ડ લખીએ ? કેમ તમને વિચાર નથી આવતો કે એમના જન્મ દિવસે થોડા મિત્રો એકઠાં થઈને એમની થોડી કૃતિઓ વાંચીએ ? જો કે બીજી એક મહત્વની વાત એ પણ છે કે ગુજરાતી સાહિત્યકારોને જ્યારે કોઈ વાચક સામેથી મળવા જાય, પોતાની સૂઝ સમજ પ્રમાણે એમને બિરદાવે ત્યારે મોટા ભાગના સાહિત્યકારોના મો પર ખુશીને બદલે મોટા લેખક હોવાનો ભાર જોવા મળે છે. એક સેલિબ્રિટી સર્જક પોતાના ભાવક, ચાહકને બાજુમાં બેસાડીને પ્રેમપૂર્વક તેની વાંચનયાત્રા કે પસન્દગી અંગે કેમ વાત નથી કરતો ? કેમ વાચકને શા માટે જોઈએ એટલું મહત્વ નથી અપાતું ? પૂછવામાં આવે તો અનેક યુવાનોની આ ફરિયાદ છે કે મોટા લેખકો પત્રનો જવાબ નથી અપાતા, ફોન પર સરખી રીતે વાત નથી કરતાં ... તો પોખણા કરવા કઈ બાબતના ?

આવા જ એક અનોખા પ્રતિસાદની પણ વાત કરીએ. ગાંધીનગરના ધ્રુવ પ્રજાપતિના "ટેબ્લેટ - રેલવેસૃષ્ટિની ગુજરાતી વાર્તાઓ" નામના નવતર સંપાદનને પણ કાઠીયાવાડથી આવો જ અનોખો પ્રતિભાવ સાંપડ્યો છે. આ પુસ્તકમાં વાર્તામાં રેલવેનો માહોલ હોય તેવી માન. મેઘાણી સાહેબથી લઈને આ લખનારની એક વાર્તા એમ કુલ અઠ્ઠાવીસ વાર્તાઓ સમાવિષ્ટ છે. રાજકોટની એક દિકરી નામે નિધિ મૃગેશર એને પુસ્તક મળ્યાના દિવસથી લઈને સળંગ અઠ્ઠાવીસ દિવસો સુધી રાજકોટ રેલવે સ્ટેશન પર બેસીને રોજ એક વાર્તા વાંચી ! અને રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ પર એ દિવસની તસવીર પણ શેર કરી. કોણે કહ્યું કે આજની યુવા પેઢી માત્ર આત્મશ્લાઘામાં જ રાચે છે ? જરૂર છે તો આવા રતનને ઓળખીને તેમને પારખવાની અને તેમને યોગ્ય દિશામાં દોરવાની. આજથી લગભગ છ આઠ મહિના પહેલા એ મુખ્યધારાના શિષ્ટ સાહિત્ય તરફ વળી અને વાંચન શરૂ કર્યું . . . વાંચતા વાંચતા એને મન થાય તો મહેન્દ્રસિંહ પરમાર અને બીજા ઘણા સાહિત્યકારોને પત્રો લખે છે અને તેઓની કૃતિઓ અંગે આવડે એવા પ્રતિભાવો પણ આપે છે.

અંતે એક મજાની વાત સાથે પૂર્ણાહુતિ કરીએ. રશિયન પ્રજા પોતાના મહાન સર્જકોને પોતાના અનોખા અંદાજથી પોંખે છે. રશિયાના મોસ્કોમાં નોવોદોવિચી નામનું કબ્રસ્તાન છે. આ કબ્રસ્તાનમાં રશિયાના શ્રેષ્ઠ સાહિત્યકારો, નાટ્યકારો, સંગિતકારો અને કવિઓ લાંબી સોડ તાણીને સુતા છે. જે દિવસે જે પણ મહાનુભાવનો જન્મ દિવસ હોય તેના ચાહકો હજારોની સંખ્યામાં ત્યાં આવે છે અને તેની કબરની આસપાસ બેસીને તેમની કૃતિઓ વાંચે, સંભળાવે અથવા સંગીતકાર હોય તો તેનું સંગીત સાંભળે, વગાડે. આપણે આપણી ભાષા મરી રહી છે મરી રહી છે તેના રોદણાં રોવાને બદલે આપણા આગવા અંદાજમાં આપણી ભાષાના જ્યોતિર્ધરોને નાની નાની પરંતુ અનોખી રીતે પોંખવાની જરૂર છે.

હેન્ડબ્રેક:

હું મારી કળાથી લોકોને સ્પર્શવા માંગુ છું.

- વિન્સેન્ટ વાન ગોહ

- djtrivedi@yahoo.com
મો : 9978405967

# ફેંગશુઈમાં વિવિધ સ્રોત






**વાસ્તુ અને ફેંગશુઈ**

**હિતેશ પટેલ**

ફેંગશુઇ એક કળા છે અને તેનો મુખ્ય ઉદેશ ઉર્જા નું બેલેન્સ જાળવી ને વાતાવરણને પવિત્ર અને સકારાત્મક રાખવાનું છે.ફેંગશુઇ માં મોટા ભાગ ના વિવિધ સ્રોત આપણે જોઈ લીધા છે હવે બીજા કેટલાક અન્ય સ્રોત જોઈએ.આ ફેંગશુઇ માં પવિત્ર ઓમ બેલ,શ્રી યંત્ર પીરામીડ,સ્વસ્તિક પિરામીડ,ફુ-ડોગ.વિષે જાણીશું.

(૧)-પવિત્ર ઓમ બેલ-એક ખાસ પ્રકાર ની ધાતુ માંથી આ બેલ -કટોરા ની રચના બનાવામાં આવે છે જેમાં એક કટોરો અને તેને વગાડવા માટે દંડ હોય છે જેને કટોરા સાથે વગાડવાથી ઓમ નામ નો ઉચ્ચારણ રણકાર અવાજ થાય છે.આ પવિત્ર કટોરા ને બહારની તરફથી ગુમાંવીને વગાડવામાં આવે છે.સકારાત્મક ઉર્જા અને માનસિક શાંતિ મળે છે.૧૫ થી ૨૦ દીવસે એક વાર સમગ્ર ઘર કે ઓફીસ માં તેને વગાડવી જોઈએ.

(૨)-ફૂ-ડોગ- ફેંગશુઈ વિદ્યા અનુસાર ઘર ના મુખ્ય દ્વાર ખોટી દિશા માં હોય તો ફૂ-ડોગ ને દરવાજાની બંને બાજુ ડાબી અને જમણી બાજુ લગાવામાં આવે છે અથવા તેના ચિત્ર ને પણ લગાવામાં આવે છે જે ઘર માં નકારાત્મક ઉર્જા અને બુરી નજરથી બચાવે છે.ફૂ ડોગ વિવિધ પ્રકાર ના હોય છે.જેમાં બાળકો સાથે,મુખ માં તલવાર સાથે,કે બોલ સાથે તેમની આકૃતિ જોવા મળે છે.

૩)-સ્વસ્તિક પીરામીડ-સ્વસ્તિક પીરામીડ ઘર ,દુકાન કે ઓફીસ ના મુખ્ય દ્વાર પર લગાવી સકાય છે.તેમજ ઘર ના વિવિધ દ્વાર પર પણ લગાવી શકાય છે.અષ્ટ ધાતુ ના સ્વસ્તિક પીરામીડ અતિ શુભ માનવામાં આવે છે. આ પીરામીડ યંત્ર માં સ્વતિક બનેલ હોય છે અને વચ્ચે ૯ ચીપ નું પીરામીડ યંત્ર હોય છે..તેને કેશબોક્સ,તીજોરી માં પણ મૂકી શકાય છે તેમજ ગંગાજળ અને કાચા દૂધ થી શુદ્ધ કરવામાં આવે છે.દરવાજા પર લગાવવા અતિ શુભ માનવામાં આવે છે.

૪)-શ્રી યંત્ર પીરામીડ-શ્રી યંત્ર પીરામીડ લક્ષ્મીજી નું યંત્ર માનવામાં આવે છે.જેને સુખ સંપતિ અને ધન ના કારક તરીકે માનવામાં આવે છે.તેને ખુબજ શુભ માનવામાં આવે છે.તિજોરી,ગલ્લા કે કેશબોક્સ માં મુકવાથી તેમજ પૂજા સ્થાન અને દુકાન કે ઓફીસ ના મુખ્ય ટેબલ પર મુકવામાં આવે છે.સુખ સંપતિ અને આત્મવિશ્વાસ માટે આ શ્રી યંત્ર ઉપયોગી બને છે.તેમાં ચાર બાજુ શ્રી યંત્ર અને પીરામીડ બંને નું મિશ્રણ જોવા મળે છે.

-hits8483@gmail.com